Indian Journal of Social Sciences and Literature Studies
Vol. 12, Issue 2, October 2026
ISSN 2349-5634 (Print) ISSN 2455-0973 (online)

કનુ આચાર્યની વાર્તાઓમાં

"હાંસિયામાં ઠેલાયેલા સમાજનું સંવેદનશીલ નિરૂપણ"

ડૉ.રૂપાભાઇ આર.પટેલ

શ્રી સૂર્યોદય આર્ટસ & કોમર્સ કોલેજ,

ધાનેરા

એબ્સ્ટ્રેક્ટ :

ગુજરાતી ટૂંકી વાર્તાસાહિત્યમાં કનુ આચાર્યે હાંસિયામાં ધકેલાયેલા, ઉપેક્ષિત અને વિચરતી જ્ઞાતિઓ (જેવા કે સરાણિયા, બજાણિયા, મદારી, લુહાર-લવારિયા વગેરે) ના જીવનપ્રશ્નોને સઘન રૂપે આલેખ્યા છે. 'આંતર બાહ્ય', 'ગાંધીનો દીકરો થા મા' અને 'પિયાલો' જેવા વાર્તાસંગ્રહો દ્વારા સર્જકે આ વંચિત વર્ગની હાડમારીઓ, ગરીબી, બાળમજૂરી, સ્ત્રીશોષણ અને પોલીસતંત્રના ત્રાસને વાસ્તવિકતાના પરિપ્રેક્ષ્યમાં પ્રગટ કર્યો છે.

આ અભ્યાસલેખમાં કનુ આચાર્યની વાર્તાઓમાં નિરૂપાયેલા સામાજિક સંદર્ભ અને સંવેદનાનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. 'આંતર બાહ્ય' વાર્તામાં સવર્ણ વર્ગ અને પોલીસ દ્વારા સરાણિયાઓ પર થતા અત્યાચાર સામે ભક્ત મોહન મનઃસ્થિતિના માધ્યમથી વ્યક્ત થતી વેદના દર્શાવાઈ છે. તો 'કુણા પાનનો સડો'માં બાળમજૂરીની કરુણતા અને બાળમાનસની લાચારીનું હૃદયદ્રાવક ચિત્ર છે. 'ગાંધીનો દીકરો થા મા' વાર્તામાં મદારી જ્ઞાતિના ઠીકરનાથના પાત્ર દ્વારા વર્ણભેદ અને પોલીસતંત્રની અવળાઈ સામેના સ્વમાનના સંઘર્ષને ગાંધીમિથના સંદર્ભમાં રજૂ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત 'એ જ કાટલાં', 'મૂઆ કાળિયા', 'દવા' અને 'મહારાણાનો અંશ' જેવી રચનાઓમાં સ્ત્રી-સંવેદના, લાચારી અને ગરીબ વર્ગની ખુમારીને સ્થાન મળ્યું છે.

કનુ આચાર્યની વાર્તાઓ માત્ર સહાનુભૂતિ નહીં પરંતુ અનુભૂતિની સચ્ચાઈ રજૂ કરે છે. લોકબોલીનો સર્જનાત્મક વિનિયોગ, જીવંત ગ્રામીણ પરિવેશ અને સબળ પાત્રચિત્રણ દ્વારા તેમણે વિચરતી કોમના દર્દ, સ્વપ્ન અને સંઘર્ષને ગુજરાતી સાહિત્યમાં અનન્ય સ્થાન અપાવ્યું છે, જેનાથી આ વાર્તાઓ સમાજવ્યવસ્થાની વરવી વાસ્તવિકતા સામે આંગળી ચીંધે છે.

⟹ ગુજરાતી ટૂંકી વાર્તાના ઇતિહાસમાં કેટલાક સર્જકો એવા છે જેમણે સમાજના ઉપેક્ષિત, હાંસિયામાં ધકેલાયેલા વર્ગોને કેન્દ્રમાં રાખીને સર્જન કર્યું છે. કાનજી પટેલ પછી વિચરતી કોમના પ્રાણપ્રશ્નોને સંખ્યા અને તત્વ બંને દૃષ્ટિએ જો કોઈએ સઘન રૂપે આલેખ્યા હોય તો તે વાર્તાકાર કનુ આચાર્ય છે.

'આંતર બાહ્ય' સંગ્રહની સંવેદનસભર વાર્તાઓથી વાર્તારસિકોનું ધ્યાન આકર્ષિત કરનાર કનુ આચાર્ય 'ગાંધીનો દીકરો થા મા' અને 'પિયાલો' સુધીની સર્જનયાત્રામાં ખાસ્સા પરિપક્વ પ્રતીત થાય છે. લોકસાહિત્યના સંશોધન-સંપાદન નિમિત્તે તેઓ બનાસકાંઠામાં ઠેરઠેર ફર્યા છે, હાંસિયામાં ધકેલાયેલી પ્રજાને મળ્યા છે, તેમના સુખ-દર્દને પ્રમાણ્યા છે અને તેમની લોકબોલીને અંકે કરી છે. તેથી જ તેમના કેટલાક વાર્તાસર્જનોમાં એ નક્કર અનુભવો સરસ ઢળ્યા છે.

આ અભ્યાસલેખમાં કનુ આચાર્યના ત્રણેય વાર્તાસંગ્રહોમાંથી વિચરતી કોમ અને તેમના જીવનપ્રશ્નોને કેન્દ્રમાં રાખતી વાર્તાઓનું વિશ્લેષણ કરવાનો ઉપક્રમ છે.

1. સામાજિક સંદર્ભ : વિચરતી કોમ અને ઉજળિયાત સમાજ

કનુ આચાર્યની વાર્તાઓમાં વિચરતી કોમની વિવિધ જ્ઞાતિઓ-સરાણિયા, બજાણિયા, મદારી, લુહાર-લવારિયા વગેરેના જીવનપ્રશ્નો અને હાડમારીઓ ઉપરાંત ઉજળિયાત કોમ દ્વારા થતા અન્યાય-અત્યાચાર અને તેમની સહનશીલતાનું ચિત્ર ઘેરું અને તાદૃશ રૂપે નિરૂપાયેલું જોવા મળે છે.

આ વાર્તાઓ માત્ર દયા ઉપજાવતી નથી, પરંતુ સમાજવ્યવસ્થાની વરવી વાસ્તવિકતા સામે આંગળી ચીંધે છે. અહીં ગરીબી, ભૂખ, બાળમજૂરી, સ્ત્રીશોષણ, પોલીસતંત્રનો ત્રાસ અને વર્ણભેદ જેવા પ્રશ્નો કલાત્મક રૂપ ધારણ કરે છે.

2. 'આંતર બાહ્ય' : અત્યાચાર સામેની સંવેદના

પાત્રની મનઃસ્મૃતિઓની ગૂંથણી રૂપે સર્વજ્ઞ કથનમાં કહેવાયેલી વાર્તા 'આંતર બાહ્ય' માં સવર્ણ ઉજળિયાત વર્ગ અને પોલીસ દ્વારા સરાણિયા કોમ પર થતી નિર્મમ ગાળાગાળી, ત્રાસ અને અત્યાચાર કેન્દ્રસ્થાને છે.

ભૂખ્યા સરાણિયાઓ કબૂતરનો શિકાર કરે છે. કોઈક એ જોઈ જતાં મોહન ભગત જેવા ભક્તિવાન વ્યક્તિના નામે ફરિયાદ નોંધાવાય છે. ગામમાં પોલીસ ત્રાટકે છે. ગ્રામજનોના શોર, ગાળો અને કિકિયારીઓ વચ્ચે પોલીસ સરાણિયા સ્ત્રી, પુરુષો અને નિર્દોષ બાળકોને ઉઘાડા શરીરે ફટકારે છે.

મોહન ભગત સમક્ષ ઓળખ માટે સરાણિયાઓને રજૂ કરવામાં આવે છે. અત્યાચારથી વ્યથિત ભગત "મને કંઈ સૂઝતું નથી" કહીને ઓળખ ટાળે છે. દરમિયાન મરેલાં કબૂતર મળી આવતાં ગામના યુવાનો પોતાના નામે ફરિયાદ નોંધાવવા તૈયાર થાય છે. અંતે લોકટોળા સાથે સરાણિયાઓને પોલીસથાણે પહોંચાડાય છે.

બીજા દિવસે રોજ પ્રભાતફેરી કરતા મોહન ભગત ફેરી બંધ કરી દે છે. ગામલોકો તેમને "ખોટી ભગતી"નું મહેણું મારે છે.

વાર્તાકારે આખા દિવસના ઘટનાક્રમ પછી રાત્રે ઊંઘી ન શકેલા ભગતની સ્મૃતિઓમાં ત્રાસના દૃશ્યોની ગૂંથણી કરીને શિલ્પવિધાન રચ્યું છે. 'મારો, પાપીઓને મારો', 'ઠોકો સરાણકાંને' (પૃ.૩૩) જેવી ઉક્તિઓ દ્વારા ગામડાનો જીવંત પરિવેશ રચાયો છે.

અહીં કબૂતરની હિંસા કરતાં સરાણિયા પર વરસેલો અત્યાચાર વધારે મોટો છે, એવો દૃષ્ટિકોણ ભગતના માધ્યમથી વ્યક્ત થયો છે. 'આંતર બાહ્ય' શીર્ષક પણ આ સંદર્ભમાં ઉચિત ઠરે છે, ભગતની બાહ્ય ભક્તિ અને આંતરિક વ્યથા વચ્ચેનો સંઘર્ષ તે સૂચવે છે.

૩. 'કુણા પાનનો સડો' : બાળશોષણની કરુણતા

'કુણા પાનનો સડો' માં બજાણિયા અને અન્ય હાંસિયાની કોમનાં બાળકોનું શોષણ, યાતના, સ્વપ્ન અને મનોરથોનું નિરૂપણ છે. મુખ્ય પાત્ર નરભો છે.

બાળ નરભાએ બાળસખી ઝમકુને મોટો થઈને હવેલી બનાવી આપવાનું વચન આપ્યું હતું. પરંતુ મોટો થતાં પહેલાં જ તેને શહેરની હોટલમાં બાળમજૂરી કરવી પડે છે. વહેલી સવારથી રાત્રે દસ વાગ્યા સુધી શેઠની ગાળો સાંભળવી, અસહ્ય માર ખાવો, ભાગી છૂટવાનું વિચારવું પણ દારૂડિયા બાપની બીકે લાચાર રહેવું, આ તેની નિયતિ છે.

હોટલના મહારાજ વશરામનું સુખ જોઈને તેને મહારાજ બનવાની ખેવના જાગે છે. ચકુશેઠની ભગવાનપ્રાર્થના જોઈને તે ગોર મહારાજ પાસે સુખી થવાની સલાહ માંગે છે. "કૃષ્ણ તો વાલીડો ઝૂંપડીને ય બંગલો બનાવી દેશે" એવી શ્રદ્ધાથી તે દરરોજ પ્રાર્થના કરીને કામ કરે છે.

પરંતુ બે આઘાત તેની શ્રદ્ધાને હચમચાવી દે છે. ઝમકુને મળવા જતાં ઝૂંપડીને બદલે બંગલી જોઈને તે કૃષ્ણકૃપા માને છે, પણ ઝમકુ તેનું અપમાન કરીને કાઢી મૂકે છે. એ જ રાત્રે દારૂડિયો બાપ બીમાર માને મારે છે અને ગાળ ભાંડે છે.

અંતે નરભો ગોરબાપા આગળ ડચૂરો ઠાલવતાં કહે છે, "ઈ કરસનિયાને કો' કે મારે વસરામા જેવા ભડપાદર આદમી નથી થાવું. મને છોડી બનાવી દ્યો.. ઝટપટ.. આદમી તો ગત્તુએ નઈ."(પૃ.૧૯)

ગરીબ બાળકની આ વ્યથા ભાવકને હચમચાવી દે છે. ગોરબાપાને કહી દેવાની મૂંઝવણથી શરૂ થતી વાર્તા ગોરબાપા આગળ ડચૂરો ઠાલવવાથી પૂર્ણ થતાં સરસ ભાવવર્તુળ રચાય છે.

4. 'એ જ કાટલાં', 'મૂઆ કાળિયા' અને સ્ત્રી-સંવેદના

'એ જ કાટલાં' અને 'મૂઆ કાળિયા' માં સઘન વેદનશીલતા, પ્રભાવશાળી પાત્રચિત્રણ અને લહેજાદાર બોલીનો સંયોગ છે. 'એ જ કાટલાં'માં પતિ સાથે કદમ મિલાવી મજૂરીમાં સહાય કરતી રાનીનું પાત્ર, તો 'મૂઆ કાળિયા'માં પતિ નરસંગા સાથે મજૂરીમાં ઢસડાતી અને સ્ત્રીલોલુપ મુકાદમને ભીંસમાં લઈ સાન ઠેકાણે લાવતી ઉજમનું પાત્ર પ્રભાવશાળી સ્ત્રી-વ્યક્તિત્વ રજૂ કરે છે.

'બાળમજૂર / સ્ત્રીમજૂર' માં બાબુડો અને શુભલીના માધ્યમથી બાળશોષણ અને સ્ત્રીશોષણ નિરૂપાયું છે. ચોકીદાર લખમણ શુભલી સાથે હડપલું કરે છે. કારખાના પર રેડ પડતાં કારખાનું બંધ રહે છે, ગરીબો લાચાર બને છે. ફરી શરૂ થતાં શેઠ બાબુડાને બાળમજૂર તરીકે સ્વીકારવાની ના પાડે છે. છેવટે તેની માને મજૂરીએ જવું પડે છે. માને રોકવા જતાં બાબુડો પિતાના લાતપ્રહારે ભોંય પડે છે.

અહીં અંતરિયાળ ગરીબ વર્ગની કંગાળ સ્થિતિ, મજૂરી માટેની યાતના અને સ્ત્રીશોષણનું બળકટ સંવેદનનિરૂપણ થયું છે.

5. 'ગાંધીનો દીકરો થા મા' : સ્વમાનનો સંઘર્ષ

'ગાંધીનો દીકરો થા મા' વર્ણ કે જ્ઞાતિ આધારે માણસનું મૂલ્ય આંકતી સમાજવ્યવસ્થાની વરવી વાસ્તવિકતા પ્રગટ કરતી સ્પર્શક્ષમ રચના છે.

મદારી જ્ઞાતિનો ઠીકરનાથ ટ્રેનમાં ભુજથી અમદાવાદ જઈ રહ્યો છે. તેના દેખાવ પરથી જ્ઞાતિ પારખી ગયેલો ગામડિયો મુસાફર તેનું અપમાન કરે છે. ઠીકરનાથ ડબ્બામાં ખેલ માંડી

સૌનાં હૃદય જીતી લે છે. આગળના જંકશને પેલો મુસાફર ટી.ટી. અને પોલીસમાં ફરિયાદ નોંધાવે છે. ટિકિટ હોવા છતાં પોલીસ તેના પર અત્યાચાર કરી જેલમાં પૂરે છે.

બીજા દિવસે છૂટ્યા પછી ઠીકરનાથ ગાંધીજીની જેમ ઉપવાસનો સંકલ્પ કરે છે. વિફરેલી પોલીસ તેને ધક્કે ચડાવે છે, સામાન વેરણ-છેરણ કરે છે. અંતે પોલીસ મહેણું મારે છે, "ગાંધીનો દીકરો થા મા."(પૃ.૫૩)

દોઢેક દિવસના ચુસ્ત સમયબંધમાં વાર્તાનાયકના સ્વમાનપરક વ્યક્તિત્વ અને પોલીસતંત્રની નિમ્ન વર્ગ પ્રત્યેની અવળાઈનું સચોટ આલેખન થયું છે. ગાંધીમિથની કલાત્મક રજૂઆત વાર્તાને આકર્ષક બનાવે છે.

૬. 'દવા' અને 'મહારાણાનો અંશ' : લાચારી અને ખુમારી

'દવા' માં ભભૂતનાથ સરકારી લાલચમાં દારૂ છોડી કડિયાકામમાં જોડાય છે, પણ બે દિવસમાં રુખસદ મળે છે. ગામના સ્થાપિત હિતો તેના કુટુંબને ધમકી આપે છે. છેવટે લાચાર નાયક ફરી દારૂ તરફ ધકેલાય છે. પ્રથમ પુરુષ કથનમાં વાદીબોલીના હાસ્ય ઓથે ગંભીર વિષય તાદૃશ થાય છે.

'મહારાણાનો અંશ' સાક્ષીકથક રૂપે કહેવાયેલી પાત્રપ્રધાન રચના છે. લવારિયા કોમના ખેમા ભાણા રાણા પ્રતાપ માટે હથિયારો ઘડનારાઓના વંશજ છે. ઠંડીમાં ઠૂંઠવાતા હોવા છતાં ધાબળા લેવાનો ઇન્કાર કરતાં કહે છે, "મ્હાણે ઈની જરૂર કો'ની."(પૃ.૬૬૦)

અંતે રાણા પ્રતાપના ફોટાને મઢાવી આપવાની શરતે તે રજાઈ લેવા સંમત થાય છે. તેનું સ્વમાન-ખુમારીસભર વ્યક્તિત્વ અને રાણા પ્રતાપ પ્રત્યેની ભક્તિ સચોટ રૂપે પ્રગટ થાય છે.

ઉપસંહાર :

કનુ આચાર્યની આ વાર્તાઓમાં હાંસિયામાં ઠેલાયેલા સમાજનું નિરૂપણ માત્ર સહાનુભૂતિનું નથી, તે અનુભૂતિનું છે. લોકબોલીના સર્જનાત્મક વિનિયોગ, જીવંત પરિવેશ, સબળ પાત્રચિત્રણ અને ચુસ્ત વસ્તુગૂંથણી દ્વારા તેમણે વિચરતી કોમના દર્દ, સ્વપ્ન, સંઘર્ષ અને સ્વમાનને ગુજરાતી વાર્તાસાહિત્યમાં અવિસ્મરણીય સ્થાન આપ્યું છે.તેમની મર્યાદા ક્યાંક પ્રસંગબહુલતા કે સમયસંકલનાના અભાવમાં દેખાય છે, પરંતુ સંવેદનાની સચ્ચાઈ અને ભાષાકર્મની તાકાત તેને ઢાંકી દે છે. આ દૃષ્ટિએ કનુ આચાર્ય ગુજરાતી ટૂંકી વાર્તામાં હાંસિયાના સમાજના સૌથી સશક્ત અને પ્રામાણિક કથાકારોમાંના એક ઠરે છે.

સંદર્ભ :

૧.આચાર્ય,કનુ: *આંતરબાહ્ય,* રન્નાદે પ્રકાશન,અમદાવાદ (પ્ર.આ.૨૦૧૧)

૨. આચાર્ય,કનુ: *ગાંધીનો દીકરો થા મા,* રન્નાદે પ્રકાશન,અમદાવાદ (પ્ર.આ.૨૦૧૪)

૩.આચાર્ય,કનુ: *પિયાલો,* રન્નાદે પ્રકાશન,અમદાવાદ (પ્ર.આ.૨૦૧૮)